પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૫૯ | ૩૦ નવેમ્બર, ૨૦૧૮, શુક્રવાર; કારતક વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ઈસરોની સિદ્ધિ : ૩૧ સેટેલાઈટ લોન્ચ

**૮ દેશોના ૩૧ સેટેલાઈટનું લોન્ચિંગ કરી ઈસરોએ ઈતિહાસ સર્જ્યો : પીએસએલવી સી-૪૩ મારફતે આંધ્રપ્રદેશના શ્રીહરિકોટાના સતીશ ધવન અંતરિક્ષ કેન્દ્રથી તમામ સેટેલાઇટ લોન્ચ કરાયા : સેટેલાઈટ હાઈસિસ વાયુમંડળમાં થતાં ફેરફારોની ઓળખ કરવાની સાથે ધરતીના મેગ્નેટિક ફીલ્ડનું પણ અધ્યયન કરશે,પૃથ્વી પર નજર રાખતા ભારતીય સેટેલાઈટનું પણ લોન્ચીંગ**

શ્રીહરિકોટા,તા. ૨૯

ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ઈસરો)એ આજે તેની યથકલગીમાં વધુ એક મોરપીછુ ઉમેરી લીધુ હતુ. ઈસરોએ પોલાર સેટેલાઈટ લોંચ વ્હીકલ સી-૪૩ મારફતે આજે સવારે એકસાથે ૩૧ સેટેલાઈટ સફળતાપૂર્વક લોંચ કર્યા હતા. આ પ્રસંગે ઈસરોના તમામ ટોચના અધિકારીઓ હાજર રહ્યા હતા. સફળ લોંચ બાદ ઉપસ્થિત અધિકારીઓમાં ખુશીનુ મોજુ ફરી વળ્યુ હતુ. આંધ્રપ્રદેશના શ્રીહરિકોટામાં સ્થિત સતીશ ધવન અંતરિ૭ કેન્દ્ર પરથી સવારે ૯.૫૮ વાગે તમામ સેટેલાઈટને લોંચ કરવામાં આવ્યા હતા. પીએસએલવીની આ ૪૫મી ઉંડાણ હતી. આ ઉપગ્રહોને છોડવા માટે તેમના વાણિજ્ય વિભાગ સાથે વાણિજ્ય કરાર કરવામાં આવ્યા હતા. પીએસએલવી ઈસરોની ત્રીજી પેઢીના લોંચ સાધન તરીકે છે. આ મિશનના ડાયરેક્ટર આર હટન રહ્યા છે. લોંચની પ્રક્રિયા ચાર તબક્કામાં ચાલી હતી. પ્રથમ સ્ટેજમાં પીએસએલવી ૧૩૯ સોલિડ રોકેટ મોટરનો ઉપયોગ કરે છે જેને છ સોલિડ સ્ટ્રુપ બુસ્ટ કરે છે. બીજા સ્ટેજમાં લિક્વિડ રોકેટ એન્જિનનો ઉપયોગ કરવામાં આવે છે જેનો વિકાસ નામથી ઓળખવામાં આવે છે. ત્રીજા સ્ટેજમાં સોલિડ રોકેટ મોટર રહે છે જે ઉપરના સ્ટેજને વધારે તાકાતથી ધકેલે છે. ચોથા સ્ટેજમાં પેલોડથી નીચે રહેલા હિસ્સા ચોથા સ્ટેજને ગણવામાં આવે છે જેમાં બે એન્જિન હોય છે. આ લોંચ માટે કાઉન્ટડાઉનની પ્રક્રિયા ૪૮ કલાક



પહેલા શરૂ કરવામાં આવી હતી. ભારત ઉપરાંત અમેરિકા (૨૩ સેટેલાઈ), ઓસ્ટ્રિયા, કેનેડા, કોલંબિયા, ફિનલેન્ડ, મલેશિયા, નેધરલેન્ડ અને સ્પેનના એક-એક ઉપગ્રહને લોંચ કરવામાં આવ્યા હતા. આમા એક માઈક્રો અને ૨૯ નેનો સેટેલાઈટ છે. ભારતના હાઈપર સ્પેક્ટ્રલ ઈમેજિંગ ઉપગ્રહ આ મિશનના પ્રાથમિક સેટેલાઈટ તરીકે છે. ઈમેજિંગ સેટેલાઈટ પૃથ્વીની નજર રાખવા માટે ઈસરો દ્વારા વિકસિત કરવામાં આવેલા વિશેષ ઉપગ્રહ તરીકે છે. ભારતના આ સેટેલાઈટમાં અનેક વિશેષતાઓ રહેલી છે. હાઈસ્પેક્સ ઈમેજિંગ અંતરિક્ષથી એક દ્રષ્યના દરેક પિક્સલના પિક્ચરને વાંચવા ઉપરાંત પૃથ્વી પરની વસ્તુઓ, સામગ્રી અને પ્રક્રિયાઓની ઓળખ પણ કરી શકે છે. આનાથી પર્યાવરણ સર્વેક્ષણ, પાક માટે ઉપયોગી જમીનનું મૂલ્યાંકન થઈ શકશે. ૩૧ સેટેલાઈટનું કુલ વજન ૨૬૧.૫ કિલોગ્રામ છે. ૧૧૨ મિનિટમાં આ મિશન પૂર્ણ થયું હતું. આ ઉપગ્રહમાં ગ્લાસગોના બે નેનો સેટેલાઈટ પણ છે. આ ઉપગ્રહોનો ઉદ્દેશ્ય ગ્લોબલ ક્લાઈમેન્ટ ચેંજનો મુકાબલો કરવા માટે થશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૨મી એપ્રિલના દિવસે ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ઈસરો)એ વધુ એક મોટી સિદ્ધિ હાસલ કરી હતી. ઈસરોએ આજે પોતાના નેવિગેશન સેટેલાઈટ આઈઆરએનએસએસ-૧આઈને સફળતાપૂર્વક લોંચ કરી દેતા વૈજ્ઞાનિક સમુદાયમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું.

## નોટબંધી કઠોર નિર્ણય હતો : સુબ્રમણ્યમ

નવીદિલ્હી, તા. ૨૯

નોટબંધી ખુબ મોટું નાણાંકીય પગલું હતું જેના પરિણામ સ્વરુપે આઠ ટકાના જીડીપી ગ્રોથને આગામી સાત ત્રિમાસિક ગાળામાં ૬.૮ ટકા સુધી લાવવામાં ભૂમિકા ભજવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પૂર્વ આર્થિક સલાહકાર અરવિંદ સુબ્રમણ્યમે આજે આ મુજબની વાત કરી હતી. ૮મી નવેમ્બર ૨૦૧૬ના દિવસે જાહેર કરવામાં આવેલી નોટબંધી પર પોતાનું મૌન તોડતા કહ્યું હતું કે, તેમની પાસે આનાથી બહાર નિકળવા માટે અદા કરવામાં આવેલી કિંમત ઉપર અનુભવ આધારિત અન્ય કોઈ વલણ નથી. સુબ્રમણ્યમે ચાર વર્ષની અવધિ બાદ આ વર્ષની શરૂઆતમાં હોદ્દો છોડી દીધો હતો. સુબ્રમણ્યમે પોતાના પુસ્તકમાં આ મુજબની વાત કરી છે. જો કે, પુસ્તકમાં સુબ્રમણ્યમે

● અનુસંધાન પાન-૭ પર

## જીડીપીના ડેટા મામલે ચિદમ્બરમના પડકારને સ્વીકારાયો

**ડેટા ઉપર ચર્ચા કરવા નીતિ આયોગના વાઈસ ચેરમેન તૈયાર : એનડીએના શાસનમાં આર્થિક વિકાસદર યુપીએના શાસન કરતા વધુ સારો રહ્યો છે તેવા સુધારેલા જીડીપીના આંકડાઓને લઇને જોરદાર વિવાદ છેડાયો**

નવીદિલ્હી, તા. ૨૯

નીતિ આયોગના વાઈસ ચેરમેન રાજીવ કુમારે સુધારવામાં આવેલા જીડીપી ડેટાના સંદર્ભમાં પૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમ દ્વારા ચર્ચા માટે ફેંકવામાં આવેલા પડકારને આજે સ્વીકારી લીધો હતો. જીડીપીના ડેટામાં યુપીએના શાસનની સરખામણીમાં એનડીએના ગાળા દરમિયાન આર્થિક વિકાસ દરની સ્થિતિ સારી દર્શાવવામાં આવી છે. રાજીવ કુમારે કહ્યું છે કે, તેઓ ચિદમ્બરમના પડકારને સ્વીકારે છે. આંકડા ઉપર ચર્ચા કરવા માટે તૈયારી દર્શાવી છે. ટ્વીટ કરીને કુમારે કહ્યું છે કે, ચર્ચા માટે તેઓ પૂર્ણ સમય આપવા માટે તૈયાર છે. પ્રશ્નના જવાબોનો સામનો કરવા માટે પણ તૈયાર છે.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**ઈમરાન સરકારના ૧૦૦ દિવસ પૂર્ણ**

ઈમરાનખાને પાકિસ્તાનમાં સરકાર બનાવી તેને ૧૦૦ દિવસ પૂર્ણ થઈ ચૂકયા છે. આ નિમિત્તે તહરીકે ઈન્સાફ પાર્ટી દ્વારા જુદા જુદા સ્થળોએ વિવિધ કાર્યક્રમો આયોજીત કરવામાં આવી રહ્યા છે.

**વિજય માલ્યાની અરજી ફગાવાઈ**

પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રીંગ એકટ હેઠળ મુંબઈની વિશેષ કોર્ટે ભાગેડુ વિજય માલ્યાની અરજી ફગાવી દીધી છે. ભાગેડુ આર્થિક અપરાધી ઘોષિત કરવાની માંગને રદ કરવા માટે વિજય માલ્યાએ આ અરજી દાખલ કરી હતી.

**દિલ્હી સરકારના મંત્રી વિરુધ્ધ કેસ ચાલશે**

ગૃહ મંત્રાલયે દિલ્હી સરકારના મંત્રી સત્યેન્દ્ર જૈન વિરુધ્ધ સીબીઆઈએ દાખલ કરેલ કેસને આગળ ધપાવવા મંજૂરી આપી દીધી છે. સીબીઆઈએ દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈન વિરુધ્ધ અસંગત સ્ત્રોતોથી સંપત્તિ અર્જિત કરવા મામલે કેસ નોંધ્યો છે.

**સિધ્ધુ પાક એજન્ટ : હરસિમરત કૌર**

ભાજપ સરકારના મંત્રી હરસિમરત કૌરે પાકિસ્તાન જઈ પરત આવેલા કોંગ્રેસી નેતા નવજયોતસિંહ સિધ્ધુ પર આરોપ મુયો છે કે તેઓ પાકના એજન્ટ છે તેઓ દેશ સાથે યોગ્ય નથી કરી રહ્યા.

**એર ઈન્ડિયાની ફલાઈટ દુર્ઘટનાગ્રસ્ત**

સ્ટોકહોમ એરપોર્ટ પર એર ઈન્ડિયાની ફલાઈટ એક ઈમારત સાથે ટકરાઈ હતી. જો કે આ દુર્ઘટનામાં તમામ યાત્રીઓ સુરક્ષિત છે. ફલાઈટને નુકશાન થયું નથી.

**યેદિયુરપ્પા, ડીકે શિવકુમારને મળ્યા**

કર્ણાટકમાં ફરી રાજકીય ગરમાવો આવી ગયો છે. કારણ કે કર્ણાટક કોંગ્રેસના કદ્દાવર નેતા અને ડીકે શિવકુમાર પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના નેતા બીએસ યેદિયુરપ્પા સાથે અચાનક મુલાકાત યોજાતા રાજકીય ગરમાવો સર્જાયો હતો.

## માલ્યા કેસમાં નાણાં મંત્રાલયના કેટલાક બાબુઓ સીબીઆઈના રડારમાં

**હાલમાં બેંકોની વિરુદ્ધ અનિયમિતતાની તપાસના મામલે નાણાં મંત્રાલયના કેટલાક બાબુ પર ચાંપતી નજર કેન્દ્રિત**

નવી દિલ્હી,તા. ૨૯

લોન લઈને ફરાર થઈ ગયેલા શરાબ કારોબારી વિજય માલ્યાના મામલામાં કિંગફિશર એરલાઈન્સ અને બેંકોની સામે અનિયમિતતાની તપાસના મામલામાં હવે તપાસ સંસ્થા સીબીઆઈની રડારમાં નાણાં મંત્રાલયના કેટલાક બાબુ પણ આવી ગયા હોવાના હેવાલ મળ્યા છે. આ બાબુઓમાં હવે ફફડાટ ફેલાઈ ગયો છે. કેટલાક અધિકારીઓ પર સીબીઆઈની ટીમ હવે નજર રાખી રહી છે. આવનાર કેટલાક દિવસોમાં માલ્યાને લોનની પુનરચનાના મામલામાં નાણાં મંત્રાલયના ઓછામાં ઓછા ત્રણ સિનિયર અધિકારીઓની સામે તપાસ કરવાના આદેશ આપવામાં આવે તેવી શકયતા છે. સુત્રોના કહેવા મુજબ મિડ રેન્કિંગના અધિકારીઓ ઉપરાંત આ મામલામાં ટોપના અધિકારઓ અને વિવાદાસ્પદ લોનના રીકાસ્ટના સંબંધમાં નિયુક્ત કરવામાં આવેલા એક રાજકીય વ્યક્તિન ભૂમિકામાં પણ તપાસ કરવામાં આવી શકે છે. મિડ રેન્કિંગના અધિકારી વિજય માલ્યા અને તેમની ટીમ સાથે કેટલીક વખત વાતચીત કરી હતી. આ ઉપરાંત આ અધિકારીએ બેંકોના પ્રમુખો સાથે પણ વાતચીત કરી હતી. એમ કહેવામાં આવી રહ્યુ છે કે આ અધિકારીના સિનિયર અધિકારીએ રિસ્ટ્રકચર પેકેજ માટે કાનગી રીતે બેંકરોને ફોન કોલ કરાવ્યા હતા.

આ વાતચીતમાં દેવાને ઈક્વિટીમાં બદલી નાંખવા માટે વાતચીત પણ કરવામાં આવી હત. આ મામલામાં સીબીઆઈની ટીમ પહેલાથી જ માલ્યા, તેમના સાથી અને આઈડીબીઆઈ બેંકોના અધિકારીઓની સામે તપાસ કરી રહી છે. કિંગ ફિશર એરલાઈન્સની લોન બે વખત રિસ્ટકચરિંગ કરવામાં આવી હત. વર્ષ ૨૦૦૯માં પ્રથમ વખત લોનની રિસ્ટકચરિંગ પ્રકિયા હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત સામાન્ય ચૂંટણી પહેલા બીજી વખત રિસ્ટકચરિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

## નમો એપમાં નવા ફીચર : ૫થી ૧૦૦૦ રૂપિયામાં મોદીને મળવાની તક

નવીદિલ્હી, તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે ઈચ્છુક કેટલાક લોકોની ઈચ્છા પૂર્ણ થઈ શકે છે. ઈ-કોમર્સ અથવા તો ટ્રાવેલ વેબસાઈટ ઉપર આપને રેફરલ કોડ મારફતે ડિસ્કાઉન્ટ મળે છે પરંતુ વડાપ્રધાન મોદીના અંગત મોબાઈલ એપ્લિકેશનથી જનરેટ થયેલા રેફરલ કોડથી વડાપ્રધાનને ફેસ ટુ ફેસ મુલાકાતની તક મળી શકે છે. નમો એપ પર એક નવા ફીચરની શરૂઆત કરવામાં આવી છે. જેના મારફતે કોઈપણ રેફરલ કોડ મેળવવા માટે પાંચ રૂપિયાથી લઈને ૧૦૦૦ રૂપિયા ભાજપને ડોનેટ કરી શકે છે. રેફરલ કોડ મળી ગયા બાદ આ વ્યક્તિને પોતાના કોન્ટેક્સની પાસે ઈ-મેઈલ, એસએમએસ અને વોટ્સએપ મારફતે આને મોકલવાની જરૂર હોય છે.

## મરાઠા અનામત બિલ મહારાષ્ટ્ર વિધાનસભામાં સર્વસંમતિથી પસાર

**મરાઠાને નોકરી, શિક્ષણમાં ૧૬ ટકા અનાતમ : જરૂરી જોગવાઈ સાથે સંબંધિત બિલ પાસ કરાયું : બંને ગૃહોમાં સર્વસંમતિથી બિલ પાસ થયા બાદથી સરકાર પાંચમીથી મરાઠા અનામતને અમલી કરવા માટે સુસજ્જ**

મુંબઈ, તા. ૨૯

મરાઠા સમુદાયને અનામત આપવા સાથે સંબંધિત ચર્ચાસ્પદ બિલને આજે મહારાષ્ટ્ર વિધાનમંડળમાં પાસ કરી દેવામાં આવ્યો હતો. મહારાષ્ટ્ર વિધાનસભામાં મરાઠાઓને નોકરી અને શિક્ષણમાં ૧૬ ટકા અનામત આપવા સાથે સંબંધિત પાસ કરી દેવામાં આવ્યું છે. બંને ગૃહની સર્વસંમતિ હવે મળી ચુકી છે. વિધાનસભામાં આ પ્રસ્તાવ મુકવામાં આવ્યા બાદ બંને ગૃહની મંજુરી મળી ગઈ છે. સરકાર હવે ટૂંક સમયમાં જ કાનૂની ઔપચારિકતા પૂર્ણ કરીને આને અમલી કરવાના પ્રયાસ કરશે. મહારાષ્ટ્ર વિધાનસભામાં આજે આ બિલ રજૂ કરતા મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવિસે કહ્યું હતું કે, અમે મરાઠા અનામત માટે પ્રક્રિયા પૂર્ણ કરી ચુક્યા છે. આજે અમે બિલ લઈને આવ્યા છે. જો કે, ફડનવીસે ધનગર અનામત પર રિપોર્ટ પૂર્ણ નહીં થવાની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ધનગર અનામત પર રિપોર્ટ પૂર્ણ કરવા માટે એક પેટાકમિટિની રચના કરવામાં આવી છે જે ટૂંક સમયમાં જ એક રિપોર્ટ અને એટીઆર વિધાનસભામાં રજૂ કરશે. પહેલા વિધાનસભાથી બિલને સામાન્ય મંજુરીથી પસાર કરીને વિધાન પરિષદમાં મુકવામાં આવ્યું હતું જયાંથી આને સર્વસંમતિથી પસાર કરી દઈને આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.



સરકાર પાંચમી ડિસેમ્બરથી રાજ્યમાં મરાઠા અનામત લાગૂ કરવાના પ્રયાસમાં છે. આગામી પાંચ દિવસમાં કાયદાકીય ઔપચારિકતા પૂર્ણ કરીને આને અમલી કરવામાં આવશે. કોંગ્રેસીને નેતા અશોક ચવાણે મરાઠા અનામત વિધેયક પસાર કરવાને લઈને સમગ્ર મરાઠા સમુદાયને ક્રેડિટ આપી હતી. તેમણે કહ્યું હતું કે, વોટના ધ્રુવીકરણ માટે ફડનવીસ સરકારે આ નિર્ણય લીધો છે જેથી સરકારે મુસ્લિમ અનામતને લઈને કોઈ નિર્ણય કર્યો નથી.

## ખાલિસ્તાની સમર્થક સાથે નવજોત સિદ્ધુ દેખાતા દેશભરમાં હોબાળો

**ગોપાલ ચાવલાને ઓળખતા હોવાનો નવજોત સિદ્ધુનો સ્પષ્ટ ઇન્કાર : ભારત પરત ફર્યા બાદ સિદ્ધૂ ઉપર વાઘા સરહદે પ્રશ્નોનો વરસાદ : હાફીઝ સઇદના નજીકના સાગરિત ગોપાલ ચાવલા સાથે ફોટાને લઇને ભારે વિવાદ**

નવીદિલ્હી, તા. ૨૯

પૂર્વ ક્રિકેટર અને કોંગ્રેસના નેતા નવજોત સિદ્ધૂની પાકિસ્તાન



યાત્રા ફરી એકવાર વિવાદના ઘેરામાં આવી ગઈ છે. પાકિસ્તાનમાં ખાલિસ્તાની સમર્થક ગોપાલ ચાવલાની સાથે તેમનો ફોટ સપાટી ઉપર આવ્યા બાદ દેશમાં વિખવાદ થઈ ગયો છે. ભાજપ સહિત વિપક્ષી નેતા સિદ્ધૂની જોરદાર ઝાટકણી કાઢી રહ્યા છે. જોરદાર હોબાળા વચ્ચે ભારત પરત ફરી રહેલા સિદ્ધૂએ વાઘા સરહદ ઉપર પત્રકારોના પ્રશ્નોના વરસાદનો સામનો કરવો પડ્યો હતો. નવજોત સિદ્ધૂએ કહ્યું હતું કે, ગોપાલ ચાવલા કોણ છે તેમને તે ઓખળતા નથી. ચાવલા મુંબઈ હુમલાના અપરાધી હાફીઝ સઈદના નજીકના લોકો પૈકી એક છે. હાફીઝની સાથે તેનો ફોટો પણ સાપટી ઉપર આવી ચુકયો છે. સિદ્ધૂએ પોતાના ખુલાસામાં એમ પણ કહ્યું છે કે, પાકિસ્તાનમાં તેમની પાસે આશરે ૫૦૦૦થી ૧૦૦૦૦ ફોટા પાડવામાં આવ્યા હતા. ગોપાલ ચાવલા કોણ છે તેમની પાસે માહિતી નથી. આ પહેલા સ્વદેશ પહોંચ્યા બાદ સિદ્ધૂએ કહ્યું હતું કે, લાયકાતનું મૂલ્યાંકન શરૂઆત કરવાથી નહીં તેને પૂર્ણ કરવાથી થાય છે. આજે ૭૧ વર્ષના ઈંતજારનો અંત આવી ગયો છે. સકારાત્મક શરૂઆત થઈ છે. બંને દેશો વચ્ચે દુશ્મનીનો અંત આવે તે જરૂરી છે. સિદ્ધૂએ કહ્યું હતું કે, તેઓ બંને પંજાબના દિલને જોડવાનું કામ કરીને આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧




